લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓની પડતર નક્કી કરવાના અધિકાર સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રીને આપવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ સીએસસી/૧૩૨૦૧૪/૫૦૨૭/ક
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪, સરદારભવન,પાંચમો માળ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:

૧. આ વિભાગનો તા.૦૪/૦૩/૨૦૧૫નો સમાનાંકી ઠરાવ
૨. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીની તા.૧૯/૧૧/૨૦૧૮ની દરખાસ્ત નં અનજ/નબારેકા/ખાંડ-પડતર/૭૫૭/૨૦૧૮-૧૯
૩. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ની તા.૨૬/૧૨/૨૦૧૮ની દરખાસ્ત નં નાપુનિ/જ.મે/કોસ્ટીંગ/૧૮-૧૯
૪. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીની તા.૧૩/૦૨/૨૦૧૯ની દરખાસ્ત નં અનજ/નબારેકા/ખાંડ-પડતર/૭૫૭/૨૦૧૮-૧૯
૫. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ની તા.૨૬/૦૭/૨૦૧૯ની દરખાસ્ત નં નાપુનિ૩૧૧/કોમ્પા/ખાધ્ય સબસિડી/૨૦૧૯

આમુખ-

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. સરકાર વતી લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો પ્રાપ્ત કરી વાજબી ભાવની દુકાન સુધી પહોંચાડવાની કામગીરી સંભાળે છે. જેમા ઘઉં, ચોખા, ખાંડ, ખાદ્યતેલ અને આયોડીનયુક્ત મીઠુ સમાવિષ્ટ છે. ઘઉં અને ચોખા ભારત સરકાર દ્વારા ફાળવવામા આવે છે. જ્યારે અન્ય આવશ્યક ચીજવસ્તુઓની e-Auctionથી ખરીદી કરવામા આવે છે. નિગમ આ તમામ આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી/પ્રાપ્તિમાં પરિવહન ખર્ચ, વહીવટી ખર્ચ, વ્યાજ વગેરે ઉમેરીને રાજ્ય

સરકાર પાસે પડતર કિંમત નક્કી કરાવે છે અને વિભાગ દ્વારા નિગમની દરખાસ્ત પરત્વે નાણાં વિભાગની અનુમતિ લઇને પડતર કિંમત મંજુર કરવામાં આવે છે.

e-Auction દ્વારા ખરીદી થતી હોવાને કારણે વારંવાર ખરીદી થાય છે, તેથી ભાવ બદલાય છે અને કોષ્ટીંગમાં ફેરફાર થતો રહે છે અને તેથી વારંવાર કોષ્ટિંગ મંજુર કરવા માટે વિભાગ મારફતે નાણાં વિભાગ સમક્ષ જવાનું થાય છે. નિગમ કોષ્ટિંગ મંજુરીના અભાવે સબસીડીના ક્લેઇમ વિલંબથી મેળવે છે અને નિગમની નાણાંકીય તરલતા ઉપર અસર થાય છે. વિભાગ દ્વારા કરવામાં આવેલ બજેટ જોગવાઇમાં સબસીડી ક્લેઇમ કરવાના વિલંબને કારણે ખર્ચની સાચી પરિસ્થિતિ રજૂ થઇ શકતી નથી.

આથી ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમ (૧)થી કોષ્ટીંગ મંજુર કરવાની સત્તા વિભાગના અગ્રસચિવશ્રીને આપવામાં આવેલ છે. પરંતુ વંચાણે લીધા ક્રમ (૨) થે (૫) મુજબની નિયામકશ્રી,અ.ના.પુ. અને ગુ.રા.ના.પુ.નિ.લિ.ની દરખાસ્તો અન્વયે વંચાણે લીધા ક્રમ (૧)ના ઠરાવમાં દર્શાવેલ કોષ્ટકમાંની વિગતોમાં ફેરફાર આવશ્યક હતો. જે મુજબની વધારેલ મર્યાદામાં કોષ્ટીંગ મંજુર કરવાની સત્તા વિભાગના સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રીને આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

સુધારા ઠરાવ-

૧. આમુખમાં દર્શાવેલ વિગતે અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓની પડતર (costing) મંજુર કરવાની સત્તા નીચેના પત્રકની વિગત વિભાગના સચિવશ્રીને આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | સરેરાશ અંદાજિત ખર્ચ (રૂ/ક્વિંટલ.) | | | રૂા./પાઉચ |
|---|---|---|---|---|---|
| | | અનાજ | ખાંડ | મીઠું | ૧ લીટરના ખાધતેલ પાઉચ |
| ૧ | i) ટ્રાન્સપોર્ટેશન | ૩૦ | ૬૫ | - | ૧.૩૦ |
| | ii) ડોરસ્ટેપ ડીલીવરી | ૩૫ | ૩૫ | ૩૫ | ૦૩૨ |
| ૨ | લેબર ખર્ચ | ૮ | ૮ | ૮ | ૦.૧૨ |
| ૩ | માર્કેટશેષ-ખરીદ કિંમત ઉપર | ૧% | - | - | - |